# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૮૧ તા.૩-૧૦-૧૫**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- પેઈન્ટીંગ કોમ્પીટીશન ઓન વોટર કન્ઝર્વેશન ૨૦૧૫-૧૬ બાબત**

**સંદર્ભ:- ૧) ક્રમાંક:પ્રાશિનિ/છ-૨/ચિત્ર સ્પર્ધા/૨૦૧૫-૧૬/૨૮૧૯-૭૧ ક્રા.૨૯-૯-૧૫**

**૨) જળ સંશાધન કેન્દ્ર,અમદાવાદના પત્ર નં.TS/WCR/CGWB/IEC Painting 2015/ 999 Dt.29-9-15**

આથી તમામ મ્યુનિ. શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભના અનુસંધાનમાં જણાવવાનું કે, ભારત સરકારના જળ સંશાધન કેન્દ્ર,અમદાવાદના ઉપરોક્ત સંદર્ભિત પત્ર (૨) અન્વયે રાજ્યની પ્રાથમિક શાળાઓમાં શાળા કક્ષા, રાજ્ય કક્ષા અને નેશનલ કક્ષાએ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.તે અંતર્ગત નગર પ્રા.શિ.સમિતિ હસ્તકની ધોરણ-૬,૭ અને ધોરણ-૮ ધરાવતી શાળાઓમાં નીચેના વિષયો પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવા જણાવવામાં આવે છે. સદર ચિત્ર સ્પર્ધામાં શાળાના વધુમાં વધુ બાળકો ભાગ લે તેવું આયોજન કરવું.

**ચિત્ર સ્પર્ધાના વિષય નીચે મુજબ છે.**

૧) નદીનું પ્રદુષણ રોકવું (Stop River Pollution)

૨) સ્વચ્છ નદી (Nirmal Nadi)

૩) ભૂજળના ઝેરી પ્રદૂષણ અને પ્રદૂષણના અન્ય વિષય (Contamination Of Ground Water with Arsenic and other Contamination issues)

**ચિત્ર સ્પર્ધા યોજવા નીચે મુજબની બાબતો ધ્યાનમાં રાખવી.**

૧) શાળા કક્ષાએ ચિત્ર સ્પર્ધાનો સમય બે કલાકનો રાખવો.

૨) ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓની યાદી બે નકલમાં તૈયાર કરવી.

૩) ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ એ-૩ કે એ-૪ સાઈઝના પેપરનો ઉપયોગ કરી શકશે.

૪) ચિત્ર સ્પર્ધામાં ચિત્રો માટે ક્રેયોન્સ,વોટર કે કોઈપણ પ્રકારના કલર વાપરી શકાશે.

૫) શાળા કક્ષાએ યોજેલ ચિત્ર સ્પર્ધામાં વિજેતા સૌથી સારા ત્રણ ચિત્રો શાળાના મુખ્ય શિક્ષકશ્રી પસંદ કરશે.પસંદ કરેલ ત્રણ ચિત્રોની પાછળ નીચે જણાવેલ માહિતી ભરી મોકલી આપવાની રહેશે.

| **વિદ્યાર્થીનું નામ** | **માતા પિતાનું નામ** | **માતા પિતાનો સંપર્ક નંબર** |
|---|---|---|
| ધોરણ | રોલ નંબર | વિદ્યાર્થીનું ઈ-મેલ આઈ ડી (જો હોય તો) |
| શાળાનું નામ અને પુરૂ સરનામું | શાળાનો વિસ્તાર ગ્રામ્ય/શહેરી | શાળાનો સંપર્ક નંબર |
| રાજ્ય | શાળાના મુખ્ય શિક્ષકશ્રીનો સહી સિક્કો | |

૬) શાળા કક્ષાની ચિત્ર સ્પર્ધામાં વિજેતા ત્રણ સૌથી સારા ચિત્રો તથા વિજેતાઓના નામો તથા ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓના નામની યાદી મુખ્ય શિક્ષકશ્રીના સહી સિક્કા સાથે તા.૨૫-૧૦-૧૫ સુધીમાં ભારત સરકારના રીજીયોનલ ડાયરેક્ટરશ્રી,કેન્દ્રીય ભૂમિ જળ બોર્ડ,પશ્ચિમ મધ્ય ક્ષેત્ર,સ્વામીનારાયણ કોલેજ બિલ્ડીંગ,શાહ આલમ ટોલનાકા,અમદાવાદ-૩૮૦૦૨૨ ને મોકલી આપવાના રહેશે.

૭) ભાગ લેનાર તથા વિજેતા થનાર વિદ્યાર્થીઓની બે નકલમાં યાદી તૈયાર કરી એક નકલ બીટ સુપરવાઈઝરશ્રીને મોકલી આપવી.

તા.૩-૧૦-૧૫

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

નોંધ :- સરદાર પટેલ સેવા સમાજ,અમદાવાદ દ્વારા યોજાનાર શહેરકક્ષાની ‘સ્પષ્ટ વક્તા સરદાર’ વિષય પરની વક્તૃત્વ સ્પર્ધા તા.૧૭-૧૦-૧૫ને બદલે તા.૧૬-૧૦-૧૫ને શુક્રવારના રોજ સવારે ૮:૩૦ કલાકે સરદાર સેવા સમાજ,મીઠાખળી, નવરંગપુરા ખાતે યોજાશે,તેની નોંધ લેશો.